## સંક્ષિપ્ત સમાચાર

### નાયબ મામલતદાર અંજનાબેનને વિદાય અપાઈ જિલ્લા ફેર બદલી બાદ બોડેલી ખાતે ફરજ સંભાળશે



**સંખેડા** : સંખેડા ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હાલ બોડેલી ખાતે બદલી થતા નાયબ મામલતદાર અંજનાબેન મોટવાલ ને વિદાય અપાઈ. સંખેડા તાલુકા મામલતદાર કચેરીમાં તાજેતરમાં જિલ્લાફેર બદલી પામેલા નાયબ મામલતદાર અંજનાબેન ને ભાવભીની વિદાય અપાઇ હતી. જે પ્રસંગે કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ તેમની સેવાઓને યાદગાર ગણાવી તેમના કાર્યકાળની પ્રશંસા કરી હતી. તેવોએ સંખેડા તાલુકા ખરે 11 મહિના મામલતદાર તરીકે નો ચાર્જ સાંભળેલ હતો.વિદાય સમારંભમાં કાર્યને વિશેષ રીતે બિરદાવ્યું હતું. તમામ અધિકારીઓએ પોતાના કાર્યકાળ દરમિયાન પારદર્શક વહીવટ, ઝડપી નિકાલ અને જનસેવામાં પ્રતિબદ્ધતા દાખવી હતી. જેના કારણે સંખેડા તાલુકાની વહીવટી વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થયો હતો.

### ડભોઇ બી.આર.સી. ભવન ખાતે ભણતરથી ઘડતર સુધી સમ્યક પ્રેરણા કાર્યક્મ નો એવોર્ડ સમારોહ યોજાયો



**ડભોઇ** : ડભોઇ તાલુકા બી.આર.સી ભવન- ડભોઇ ખાતે આયોજિત શિક્ષણા ફાઉન્ડેશન, વિભા - અમેરિકા અને ડભોઇ કોમ્યુનીટી ફાઉન્ડેશનના સંયુક્ત નાણાકીય સહયોગથી પ્રેરણાદાયક શિક્ષણ ભણતર થી ઘડતર સુધી સમ્યક પ્રેરણા કાર્યક્મ નો એવોર્ડ સમારોહ યોજાયો હતો. જેમાં ડભોઇ ના ગ્રામ્ય વિસ્તાર ની શાળાઓ ના આઠ શિક્ષકો ને ટ્રોફી અને પ્રમાણપત્ર જ્યારે 14 બાળકો ને પ્રમાણપત્ર અને કંપાસ બોક્સ પાઉચ પ્રોત્સાહન ભેટ આપી સન્માનિત કરાયા હતા. ડભોઇ બ્લોકના બી.આર. સી. ભરતભાઈ દરજી ની અધ્યક્ષતા માં યોજાયેલ ભણતર થી ઘડતર સુધી સમ્યક્ પ્રેરણા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડભોઇ તાલુકા ની જુદીજુદી શાળાઓના સન્માન માટે પસંદગી પામેલા આઠ શિક્ષકો અને 14 બાળકો તેમજ બે સામૂહિક વિદ્યાર્થી ગ્રુપો ની ઇનામ માટે પસંદગી કરાયેલ હોય તેઓને પ્રોત્સાહન ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા.

### પાદરા તાલુકામાં શિક્ષણ અને માર્ગ વિકાસને ગતિ આપતા મહત્વના પ્રોજેક્ટ્સનો શુભારંભ



**પાદરા** : પાદરા વિધાનસભા વિસ્તારમાં વિકાસના કાર્યોને વધુ ગતિ આપતા બે મહત્વપૂર્ણ પ્રસંગો યોજાયા હતા, જેમાં શૈક્ષણિક અને માર્ગ સુવિધાઓને મજબૂત બનાવવાના પ્રયાસોને નવી દિશા મળી છે. પાદરા વિધાનસભાના જાસપુર ગામે અંદાજિત રૂપિયા 1.20 કરોડના ખર્ચે નવીન બનેલી જાસપુર લકડીકુઈ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. નવી શાળાની સુવિધાઓ વિદ્યાર્થીઓને ઉત્તમ શૈક્ષણિક માહોલ પૂરો પાડશે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણની ગુણવત્તામાં વધારો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ સાથે જ જાસપુર ગામે અંદાજિત રૂપિયા 1.37 કરોડના ખર્ચે બનનાર જાસપુર-હનુમતીયા રોડનું ભૂમિપૂજન પણ કરવામાં આવ્યું હતું. આ માર્ગ બનવાથી ગામના લોકો માટે અવરજવર સરળ બનશે તેમજ ખેતી અને દૈનિક જીવન સાથે જોડાયેલી પ્રવૃત્તિઓમાં સહેલાઈ થશે.

### શેઠ એચ એચ શીરોલાવાલા હાઈસ્કૂલના સંસ્કૃતના શિક્ષક ગજેન્દ્રકુમાર પંચોલીનું શત સુભાષિત પંડિત તરીકે સન્માન



**બોડેલી** : ગુજરાત સંસ્કૃત બોર્ડ.. શિક્ષણ વિભાગ અને ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગર ખાતે સંપૂર્ણ ભગવત ગીતા કંઠ પાઠ યોજના અને શત સુભાષિત કંઠ પાઠ યોજના અંતર્ગત સમગ્ર રાજ્યમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રતિભાગીઓ માટે રાજ્ય સ્તરીય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે આવેલ શેઠ એચ એચ શીરોલાવાલા હાઇસ્કુલ ના શિક્ષક નું પણ સમ્માન કરાયું આ સમ્માન રાજ્યપાલ ના નિવાસસ્થાન લોકભવન ખાતે કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ ભગવત ગીતા કંઠસ્થ કરનાર પ્રતિભાગીઓને ગીતાભૂષણ ની ઉપાધિ આપી સન્માન કરવામાં આવ્યું અને 100 સુભાષિત કંઠસ્થ કરનાર પ્રતિભાગીઓને સુભાષિત પંડિત ની પદવી આપી રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમાન પ્રદ્યુમનભાઈ વાઝા અને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હિમાંજય પાલીવાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.જેમાં બોડેલી ની શાળાના સંસ્કૃતના શિક્ષક ગજેન્દ્રકુમાર કાંતિલાલ પંચોલીનું શત સુભાષિત પંડિત તરીકે સન્માન કરવામાં આવતા સમગ્ર છોટાઉદેપુર જિલ્લા નું નામ રોશન થતાં શાળાના પ્રિન્સિપાલ તથા ટ્રસ્ટી મંડળ પોતે ગર્વની લાગણી અનુભવી અનુભવી હતી.

### ભગવાન મહાવીર સ્વામીની ૨૬૨૪મી જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી કરવામાં આવી



**પાદરા** : સકલ દિગંબર જૈન સમાજ પાદરા દ્વારા જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીની ૨૬૨૪મી જન્મ કલ્યાણક મહોત્સવ નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં ધાર્મિક ભાવના અને ભક્તિનો ઉલ્લાસ જોવા મળ્યો હતો. આ અવસરે સોમવારે સવારે નગરના મુખ્ય રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જૈન સમાજના ભાઈઓ-બહેનો ઉમટી પડ્યા હતા. શોભાયાત્રા દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં ઠેર ઠેર ભગવાન મહાવીર સ્વામીની પૂજા-અર્ચના તથા આરતી કરવામાં આવી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. શોભાયાત્રા અંતે નિજ મંદિર ખાતે પહોંચતા ભગવાનની વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. સાંજે મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ભગવાન મહાવીર સ્વામીના પારણું ઝુલાવવાનો પણ વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ભક્તોએ ભાવભેર ભાગ લીધો હતો. ભગવાન મહાવીર સ્વામી દ્વારા દર્શાવાયેલ તપસ્યા, અહિંસા, સત્ય અને પરોપકારનો માર્ગ સમાજ અને રાષ્ટ્ર માટે માર્ગદર્શક બની રહ્યો છે.

---

**વર્ષો થી નવો રસ્તો બનાવવા માટે ત્રણ ગામોના લોકોની માંગ**

## નસવાડી તાલુકાના બરોલીથી વદેશિયાને જોડતો 10 કિલોમીટરનો માર્ગ બિસમાર હાલતમાં

(પ્રતિનિધિ) નસવાડી, તા.30

નસવાડી તાલુકાના બરોલી, હરીપુરા અને વદેશિયા આ ત્રણ ગામોને જોડતો 10 કિલોમીટર નો રસ્તો બિસ્માર હાલત માં છે 10 વર્ષ પહેલા રસ્તો શિવાલય એન્ટરપ્રાઈઝ વડોદરાની એજન્સી દ્વારા બનાવવામાં આવ્યો હતો આ રસ્તા ની વોરંટી ત્રણ વર્ષ ની હતી અને તે પૂરી થઈ છે જ્યારે વર્ષો જૂનો રસ્તો હોવાથી હાલ રસ્તા માં મોટા મોટા ખાડા પડી ગયા છે અને રસ્તો બિસ્માર હાલત માં થઈ ગયો છે. જ્યારે ત્રણ ગામોમાં ગ્રામજનો અને ખેડૂતો હરરોજ આ જ



રસ્તા ઉપર થી પસાર થાય છે તેઓને કોઈ પણ જીવન જરૂરી ચીજવસ્તુઓ લેવા માટે તણખલા અથવા તો નસવાડી જવું હોય તો આ જ બિસ્માર રસ્તા ઉપર થી પસાર થવું છે ત્યારે કેટલીક વાર તો વાહન ના ટાયર માં છૂટ્ટી પડેલી કપચી વાગે તો ટાયર પંચર પડી જાય છે અને વાહન ચાલકોને નુકશાન થાય છે. જ્યારે કેટલાક બાઈક ચાલકો આ ખાડા માં પટકાયા પણ છે જેના કારણે લોકોને ઈજાઓ પણ થઈ છે ત્યારે વહેલી તકે આ રસ્તો નવો બનાવવામાં આવે ત્રણ ગામોના લોકોને બિસ્માર રસ્તાની મુક્તિ મળે પંચાયત માર્ગ મકાન વિભાગના અધિકારીઓ ગામડાઓની મુલાકાત લેતા નથી ગ્રામજનો નો આક્ષેપ છે કે નસવાડી પંચાયત માર્ગ મકાન વિભાગ ની કચેરી એ નવો રસ્તો બનાવવા માટે વારંવાર રજૂઆત કરી પરંતુ ગ્રામજનો ની રજૂઆત સાંભળવામાં આવતી નથી જ્યારે અનેક વખત રજૂઆતો કરવા છતાંય તંત્ર ના પેટનું પાણી હલતું નથી આદિવાસી વિસ્તારના લોકોની રજૂઆતો સાંભળવામાં આવતી નથી.

## પાદરામાં યુવકનું અપહરણ કરી મારામારી, મહિલાઓ સહિત 10 સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.30

પાદરા નગરમાં અપહરણ અને મારામારીની ગંભીર ઘટના સામે આવી છે, જેમાં એક યુવકને ઘરમાંથી બળજબરીપૂર્વક ઉઠાવી લઈ જઈ માર મારવામાં આવ્યો હોવાની ફરિયાદ પાદરા પોસ્ટે નોંધાઈ છે. આ મામલે પાદરા પોલીસ સ્ટેશન ખાતે ૧૦ આરોપીઓ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, ગતરોજ બપોરે અંદાજે ૨:૩૦ વાગ્યે પાદરા તાજપુરા રોડ પર આવેલા અક્ષર હાઈટ્સના જેઃ-૧ ટાવરમાં રહેતા પ્રકાશભાઈ પ્રતાપભાઈ દેવીપુજકના ઘરે આરોપીઓ દ્વારા પૂર્વ આયોજન સાથે પહોંચી દરવાજો ખખડાવી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ આરોપીઓએ ફરીયાદીને ગાળો આપી મારામારી શરૂ કરી હતી. ફરિયાદ મુજબ, આરોપીઓએ પ્રકાશભાઈને ધક્કા મારીને ઘરમાંથી બહાર ખેંચી ફ્લેટ ના મકાન માંથી નીચે લાવી ઈકો કાર માં બળજબરીપૂર્વક બેસાડવાનો પ્રયાસ કર્યો હતો. વિરોધ કરતા તેમની આંખોમાં સુકા મરચાની ભૂકી નાખી બળજબરીથી કારમાં નાખી અપહરણ કરી લઈ જવાયા હતા. આરોપીઓ પ્રકાશભાઈને ધોળકા વિસ્તારમાં લઈ જઈ ફરીથી મારમાર્યો કરી હોવાનું પણ સામે આવ્યું છે. તેમજ આજે જીવતો છોડવાના નથી જેવી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. હુમલા દરમિયાન લાકડાના ડંડાનો પણ ઉપયોગ કરાયો હોવાની વિગતો ફરિયાદમાં ઉલ્લેખિત છે.

---

**કરજણ ફાયર વિભાગે બોડી સેન્સર ડિટેક્ટર અને બોટથી હાથ ધરી શોધખોળ**

## ટીંગલોદના તળાવમાં માછીમારી દરમિયાન 55 વર્ષીય વ્યક્તિનું ડૂબી જવાથી મોત

**એકથી** દોઢ કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કાઢવામાં સફળતા

(પ્રતિનિધિ) શિનોર, તા.30

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના ટીંગલોદ ગામમાંથી એક દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં ગામના તળાવમાં એક વ્યક્તિનું ડૂબી જવાથી મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાથી વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

મળતી માહિતી મુજબ ગઈ મોડી રાત્રે ટીંગલોદ ગામના તળાવમાં રાજેશભાઈ



પરષોત્તમભાઈ વસાવા (ઉંમર અંદાજે ૫૫ વર્ષ) માછીમારી કરવા ગયા હતા. દરમિયાન અકસ્માતે તેઓ તળાવમાં ડૂબી ગયા હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને બોડી સેન્સર ડિટેક્ટર તેમજ બોટની મદદથી તળાવમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

ગભગ એકથી દોઢ કલાકની ભારે જહેમત બાદ ફાયર ટીમે તળાવમાંથી મૃતદેહ બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. સમગ્ર કામગીરી દરમિયાન સ્થાનિક યુવાનો દ્વારા પણ ફાયર વિભાગને નોંધપાત્ર સહયોગ આપવામાં આવ્યો હતો.

## પરિણીતાનો પતિના સંબંધોને કારણે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

(પ્રતિનિધિ) , તા.30

પાદરા ના મીરા-૫૮ ડુપ્લેક્ષ વિસ્તારમાં ઘરેલુ કલેશને પગલે એક પરિણીતાએ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. મળતી વિગતો અનુસાર, અફસાનાબેન શોએબ મુસ્તુફાક સૈયદ (ઉ.વ.૩૧), મૂળ રહે. અનાદીપુરા ભીલવાસ, શાહઆલમ દરગાહ સામે, અમદાવાદ, હાલમાં પાદરામાં પોતાના પિતાના ઘરે રહેવા આવી હતી. તેમના લગ્નજીવનને આશરે ૧૧ વર્ષનો સમયગાળો વીતી ગયો છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમના પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોને કારણે ઘરમાં સતત વિવાદ અને તણાવનો માહોલ સર્જાયો હતો. વધુમાં પતિ દ્વારા છૂટાછેડાની માંગણી કરવામાં આવતી હોવાને કારણે અફસાનાબેન માનસિક રીતે ખૂબ જ દબાણમાં આવી ગઈ હતી. તા.૨૮ માર્ચના રોજ સાંજે આશરે ૬ વાગ્યાના અરસામાં પાદરા ખાતે પોતાના પિતાના મકાનના ઉપરના માળે રૂમમાં જઈને તેમણે મચ્છર ભગાડવાની મેક્સો જિનિયસ લિક્વિડ પી લીધી હતી. બનાવની જાણ થતાં પરિવારજનો દોડી આવ્યા હતા અને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે. પોલીસે ઘટના અંગે પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

### પાતળીયા હનુમાન મંદિર ખાતે મહામારુતિ યજ્ઞનો પ્રારંભ

**પાદરા** : તા. 29-03-2026 થી શરૂ થયેલો આ યજ્ઞ તા. 02-04-2026 સુધી પાંચ દિવસ સુધી યોજાનાર છે, જેમાં ધાર્મિક ઉલ્લાસ અને ભક્તિભાવનું અનોખું દૃશ્ય જોવા મળી રહ્યું છે. આ યજ્ઞ દરમિયાન દરરોજ ૩૬ યુગલો દ્વારા યજ્ઞ પૂજામાં બેસીને પાવન લાભ લેવામાં આવી રહ્યો છે. બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞનો પ્રારંભ થતા પ્રથમ દિવસે સમગ્ર મંદિર પરિસર પવિત્ર અને મંગલમય બની ગયું હતું. પાદરાની પવિત્ર ભૂમિ પર વર્ષો બાદ ફરી એકવાર આ પ્રકારનો વિશાળ યજ્ઞ યોજાતા સ્થાનિકોમાં ભારે આનંદની લાગણી જોવા મળી રહી છે. યજ્ઞના પ્રથમ દિવસે માજી ધારાસભ્ય દિનેશભાઈ બાલુભાઈ પટેલ (દીનુ મામા) ઉપસ્થિત રહી યજ્ઞમાં ભાગ લીધો હતો.

---

**બારોલી ગામથી પસાર થતી નર્મદા કેનાલનુ પાણી કચ્છસુધી લઇ જવામાં આવે છે**

## છોટાઉદેપુર જિલ્લાના સિચાઇ વિભાગની માલિકીનુ ખોખરા (ત) તળાવ સુક્કું ભટ્ટ

**દર** ઉનાળામાં ખોખરા તળાવ સુકાઇ જાય છે

(પ્રતિનિધિ) નસવાડી, તા.30

નસવાડી તાલુકાના બરોલી ગામ પાસેથી નર્મદ મેઈન કેનાલ પસાર થાય છે નર્મદા ના પાણી કચ્છ સુધી લઈ જવા માં આવે છે જ્યારે નસવાડી તાલુકાના ખોખરા (તણખલા) ગામ બરોલી થી ચાર કિલોમીટર દૂર આવેલું છે આ તળાવ ભરવા માટે સરકાર કોઈ આયોજન કરતી નથી 30 એકર માં તળાવ ફેલાયેલો છે તળાવ માં પાણી ભરવામાં આવે તો આજુબાજુ ના એક હજાર હેક્ટર માં ખેડૂતો ને સિંચાઈ નું પાણી



પાણી પરંતુ છોટાઉદેપુર જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ અને નર્મદા નિગમ તળાવ ભરવા માટે કોઈ પ્રયાસ કરતા નથી જ્યારે નસવાડી તાલુકાના ખેડૂતો એ નર્મદા મેઈન કેનાલ બનાવવા માટે પોતાની જમીનો આપી અને તેમાં કેનાલ બની ત્યારે તે જ તાલુકાના ખેડૂતો ને તરસ્યા રાખી અને સૌરાષ્ટ્ર સુધી પાણી લઈ જવામાં આવે છે ત્યારે સ્થાનિક ખેડૂતો ના જણાવ્યા મુજબ કેનાલ ના ઉપરવાસ ના ભાગ માં ખેડૂતો ને સિંચાઈ ના પાણી માટે લાભ મળે તેવા પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવે તો નસવાડી તાલુકામાં પાણી ની તંગી થી ઝઝૂમતા ખેડૂતો ને સિંચાઈ ના પાણી મળી રહે જ્યારે ખોખરા (તણખલા) તળાવ હાલ સુકાઈ ગયું છે.

---

**લાછનપુરા ગામે મહીસાગર નદીમાં 4 યુવાનો ન્હાવા માટે ગયા હતા**

## મહીસાગર નદીમાં વડોદરાના 4 લાપતા યુવાનોમાંથી 20 વર્ષીય યુવકનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) સાવલી, તા.30

સાવલી તાલુકાના લાંછનપુરા ગામે તેવામાં આજરોજ બપોરના સમયે સંતોષ ડોનડીવા કોકરે ઉમર આશરે 20 રહે માંજલપુર અલવાનાકા વડોદરા પોતાના ચારથી પાંચ મિત્રો સાથે નાહવા આવ્યો હતો અને મહિસાગર નદીમાં તણાયો હતો પોતાના ચાર મિત્રો સાથે નદીમાં નહાવા આવ્યો હતો અને ન્હાતી વેળાએ ઊંડા પાણીના પ્રવાહમાં આવવી જતા ગરકાવ થયો હતો બનાવના પગલે સાથી મિત્રોએ બૂમાબૂમ કરતા સ્થાનિકો દોડી આવ્યા હતા અને તણાઈ ગયેલ યુવકની શોધખોળ આદરી હતી અને ઘટનાની જાણ થતાં પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી



અને સ્થાનિક તરવૈયાઓની મદદથી ડુબેલા યુવાન ની શોધખોળ શરૂ કરી હતી અને સમગ્ર નદીમાં વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ કર્યું હતું.

પરંતુ ગઈકાલે અંધારું થઇ જતા ઓપરેશન બંધ રાખવામાં આવ્યું હતું ત્યારબાદ આજરોજ સવાર થી શોધખોળ આદરી હતી જેમાં બપોરના સમયે મૃતક સંતોષ કોકરે નો મૃતદેહ મળી આવ્યો હતો પોલીસે શબ નો કબજો લઈ પીએમ કરાવીને પરિવારજનો ને સોંપવા તજવીજ હાથ ધરી છે.

પ્રાથમિક વિગતો મુજબ યુવક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો અને નવલખી મેદાન પર રમીને સાવલી ખાતે મહીસાગર નદીમાં નાહવા આવ્યા હતા અને આ બનાવ બન્યો હતો પ્રાથમિક વિગતો મુજબ મૃતક સહિત બે ભાઈ અને એક બહેન પરિવારના સભ્યોમાં છે તેવામાં બનાવની જાણ પરિવારને થતા પરિવાર ભારે આક્રંદ કરતું હતું બનાવના પગલે નદી કિનારે પરિવાર જનો ના આક્રંદ ના પગલે ભારે ગમગીની છવાઈ ગઈ હતી તસવીરમાં સાવલીના લાંછનપુરા ગામે પસાર થતી મહી નદીમાં ડૂબેલ યુવકની ફાઈલ તસવીર અને નદીમાં થી શબ બહાર કાઢતા વેળાની તસવીરો નજરે પડે છે

---

### છોટાઉદેપુર જિલ્લાના ચાર કર્મચારીઓને ટીડીઓના પ્રમોશન મળ્યા

**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લામાં અલગ અલગ તાલુકામાં ફરજ બજાવતા કર્મચારીઓ તાલુકા વિકાસ અધિકારી બનવા માટે પરીક્ષા આપી હતી તેઓને નવ વર્ષ પછી ટીડીઓ ના પ્રમોશન મળ્યા છે. આ ચારેય કર્મચારીઓ ને તાલુકા વિકાસ અધિકારી તરીકે પ્રમોશન મળતા હાલ તો તેઓની બદલી કરવામાં આવી છે અને તાલુકા વિકાસ અધિકારી તરીકે તેઓ ચાર્જ સંભાળશે જ્યારે કર્મચારીઓમાં આનંદ છવાયો છે વર્ષો થી વર્ગ બે ના અધિકારી તરીકે પરીક્ષા પાસ કરીને બેઠા હતા પરંતુ પ્રમોશન મળતું ના હતું અને જેને લઈને કર્મચારીઓને પગાર માં નુકશાન થતું હતું અને જેમ જેમ નોકરી નો સમય વધતો જતો હતો તેમ તેમ ચિંતા વધતી હતી.

**શિક્ષણ ક્ષેત્રે ગેલેક્સી સિવટેકની પ્રેરણાદાયક સીએસઆર પહેલ**

## ગ્રામ્ય શાળાઓમાં બાલા પ્રોજેક્ટ અને વાઘોડિયામાં મીની સાયન્સ સેન્ટરની સ્થાપના

**રમતાં-રમતાં** શીખવાની નવી પહેલથી વિદ્યાર્થીઓમાં ભણતર પ્રત્યે વધ્યો રસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

ગેલેક્સી સિવટેક પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સામાજિક જવાબદારી (સીએસઆર) અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું છે. કંપનીએ ગુગલિયાપુરા, વ્યારા અને સાંગાડોલ સ્થિત ત્રણ સરકારી શાળાઓમાં બાલા (બિલ્ડિંગ એઝ લર્નિંગ એઈડ) પ્રોજેક્ટ સફળતાપૂર્વક અમલમાં મૂક્યો છે, જ્યારે વાઘોડિયા શાળામાં મીની સાયન્સ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રોજેક્ટો ગેરસરકારી સંસ્થા બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન અને અમલીકરણ ભાગીદાર સ્ટેમ કંપનીના સહકારથી સાકાર થયા છે.



બાલા પ્રોજેક્ટનો મુખ્ય હેતુ શાળાની ઈમારતને જ શિક્ષણનું અસરકારક સાધન બનાવવાનો છે, જેથી વિદ્યાર્થીઓ રમતાં-રમતાં સરળ રીતે વિવિધ વિષયો સમજવા સક્ષમ બને અને ભણતર પ્રત્યે તેમનો રસ વધે. વાઘોડિયા સ્થિત મીની સાયન્સ સેન્ટરમાં આશરે ૮૦થી વધુ વિજ્ઞાન અને ટેક્નોલોજી આધારિત મોડેલ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેના માધ્યમથી વિદ્યાર્થીઓને પ્રયોગાત્મક અને અનુભૂતિ આધારિત શિક્ષણની ઉત્તમ તક મળશે.

## છોટાઉદેપુરના સાંસદે વડાપ્રધાનની શુભેચ્છા મુલાકાત લીધી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.30

છોટાઉદેપુર લોકસભા મતવિસ્તારના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે સાંસદ દ્વારા નવી દિલ્હી ખાતે દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે એક વિશેષ શુભેચ્છા મુલાકાત યોજવામાં આવી હતી. આ બેઠક દરમિયાન સાંસદે વડાપ્રધાનશ્રી સાથે રાષ્ટ્રનિર્માણ અને મતવિસ્તારના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. વિકાસકાર્યોની ભેટ બદલ આભાર વ્યક્ત કર્યો મુલાકાત દરમિયાન સાંસદે છોટાઉદેપુર લોકસભા ક્ષેત્રમાં કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા વિવિધ જનહિતકારી વિકાસ કાર્યો અને પ્રજાલક્ષી યોજનાઓ બદલ સમગ્ર વિસ્તારના



નાગરિકો વતી વડાપ્રધાનશ્રીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ યોજનાઓથી અંતરિયાળ વિસ્તારોમાં સુવિધાઓ વધશે અને સ્થાનિકોનું જીવનધોરણ સુધરશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો હતો. બેઠક બાદ સાંસદે જણાવ્યું હતું કે, "ભારતના સર્વાંગી વિકાસ માટે સતત અથાગ પ્રયત્નશીલ અને દેશના કરોડો નાગરિકો માટે પ્રેરણાસ્ત્રોત એવા આદરણીય વડાપ્રધાનશ્રી સાથેની આ મુલાકાત ખૂબ જ સકારાત્મક રહી છે.